# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૪૦૪ • તા. ૭ માર્ચ થી ૧૩ માર્ચ ૨૦૨૬

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની

# સંજીવની યોજના

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

## -: શુભેચ્છા સહ :-

## માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

## (ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-ઃ સંપાદક ગણ ઃ-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-ઃ કાર્યાલય ઃ-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# સમય અને સંજોગો પરિવર્તિત થવાના

ક્રોધ, માન, માયા અને લોભ ચાર સર્વનાશની જડો છે. જે જીવનના વૃક્ષને પાંગરવા દેતી નથી. આ કષાયો છે જે એક યા બીજી રીતે માણસને જંપવા દેતી નથી. આના કારણે માણસ ન વિચારવાનું વિચારે છે. ન બોલવાનું બોલે છે અને ન કરવાનું કરી આચરે છે. સ્વાર્થ અને લોભ, ક્રોધ અને મોહ, માયા અને મમતાનું વળગણ લાગે છે ત્યારે માણસને સારા કે નરસાનું ભાન રહેતું નથી. ઉપરની ચાર જડો એકમેક સાથે સંકળાયેલી છે. આમ જોઈ એતો એક ચહેરા પર ફિટ થઈ જતાં ચાર મહોરાં છે. જે સારપને છૂપાવી દે છે અને પોતાનું પોત પ્રકાશે છે.

લોભ છૂપો રૂસ્તમ છે. તે બહાર દેખાતો નથી. પણ જીવનની જે બધી મુશ્કેલીઓ ઉભરે છે. જેમાં તેની મહત્વની ભૂમિકા છે. સ્વાર્થ અને લોભ આવે છે ત્યારે સગાઓ પણ વેરી બની જાય છે. સ્વાર્થ માણસને અંધ બનાવે છે. સારા નરસાનું ભાન રહેતું નથી. કોઈ વિઘ્ન આવે તો ક્રોધ ઊભો થાય છે ને છેવટે હિંસક સ્વરૂપ ધારણ કરે છે. ક્રોધ જ્યારે મન મગજ પર આક્રમક બને છે ત્યારે દરેક દિશાઓ દેખાતી બંધ થાય છે. માત્ર દેખાય છે નર્યો સ્વાર્થ, મતલબ અને અભિમાન, પરિગ્રહની પાછળ પણ લોભ રહેલો છે લોભને કારણે માણસ અઢળક ભેગું કરતો રહે છે. કોઈ વસ્તુઓથી સંતોષ થતો નથી. કશું છૂટતું નથી. જે મળે તે ઓછું લાગે છે. દરેક માનવી સુખ ઈચ્છે છે. એમાં કશું ખોટું નથી. પણ દુઃખ એમાં સર્જાય છે કે અન્ય કરતા પોતાને વધુ સુખ જોઈએ છે. એટલે મુશ્કેલીઓની પરંપરા સર્જાય છે. સૌની નજર ઉપર તરફ છે કોઈ નીચે જોવા ઈચ્છતો નથી.

આપણે કેટલા પાછળ રહી ગયા છીએ તેનો પૂરેપૂરો ખ્યાલ રહે છે. પણ આપણે બીજા કરતાં કેટલા આગળ છીએ તે તરફ નજર જતી નથી. એવા કેટલા લોકો છે જેને પેટ પૂરતું ભોજન પ્રાપ્ત થતું નથી. અંગ ઢાંકવા પૂરતાં કપડાં નથી. માથે છાપરું નથી. એમનો વિચાર કરવો જોઈએ એમની સામે આપણને ઘણું ઘણું મળ્યું છે તે પ્રભુની કૃપા છે એ સમજણ ધરાવવી જોઈએ. માણસ દુઃખી અને લાચાર છે તેનું મુખ્ય કારણ સ્વાર્થ અને લોભ છે. પ્રભુ પર ભરોસો નથી. ભાવી નો ડર લાગે છે. કશું અજુગતું અને અણધાર્યું બનશે. તેનો અંદર ખાને ભય રહે છે. ભવિષ્યની ચિંતા રહે છે. એટલે આજની સુરક્ષાની દીવાલો ઊભી કરે છે. જે દીવાલો મોહની છે, માયાની છે અલગ અલગ પ્રકારના વળગણની છે.

ખુદના કર્મ પર આત્મવિશ્વાસ અને પ્રભુ પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ, આસ્થા અડગ હોય તો કોઈ મુસીબતો મોટી લાગશે નહીં. સુખ દુખના ઉતરાણ ચડાણ દડ મંજલ પર આવતા રહેવાના છે. તે કોઈનાથી રોક્યા રોકી શકવા નથી. જે નિર્ધારિત છે થયા વગર રહેવાનું નથી. માનવી ગમે તેટલાં ધમ પછાડા કરે પણ કાળને રોકી શકવા સમર્થ નથી. સમય અને પરિસ્થિતિ પલટાયા કરે છે. મનમાં સ્થિરતા અને ભરોસો હશે તો ગમે તેવા સંકટમાંથી પણ સુખ રૂપ બહાર નીકળી શકાય છે.

– જય જ્ઞાતિમૈયા

# સફળતા મેળવવાના મંત્ર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સફળતાના માર્ગમાં કાલ્પનિક નિષ્ફળતા મોટું વિઘ્ન ઊભું કરે છે. નકારાત્મક વિચારસરણીને કારણે સફળતાને આડે સ્પીડ બ્રેકર બની ઊભી રહે છે. કોઈપણ કાર્ય પહેલાં આપણે પહેલેથી ધારી લઈએ કે હું નિષ્ફળ જઈશ અને સતત આ પ્રકારની નકારાત્મકતા વિચારસરણી આખરે પોતાનો પરચો આપી દે છે. આપણી કલ્પના આપણી આસપાસ માયાજાળ ઊભી કરી રાખે છે હરપળે કંઈક અઘટિત થવાનો ભય કાર્યના પ્રારંભે પરિણામ અવળું આવશે તેના વિચાર કાર્ય કરતાં કરતાં નિષ્ફળ થવાનો વિચાર સતત નકારાત્મક વિચારથી પરિણામ પણ નકારાત્મક જ મળે છે. કાલ્પનિક નિષ્ફળતાને કારણે માનસિક સ્થિતિ કંગાળ થઇ જાય છે. જેનાથી આખરે પર્ફોર્મન્સ પર અસર પડે છે. વિચાર વર્તનમાં ભંગાણ પડવાથી કામના પરિણામમાં ચોક્કસ ફરક આવે છે.

સફળતા સાહસથી મળે છે અને સાહસ કરવાની શક્તિ હિંમત રાખવાથી મળે છે. એટલે જ કહ્યું છે કે ''હિંમતે મર્દા તો મદદે ખુદા''. હિંમત-હામ બહાદુરી જે કરે છે તેને ભગવાન પણ મદદ કરે છે. બીજી રીતે સમજી એ તો જે પુરૂષાર્થ કરે છે તેને પરમેશ્વર સાથ આપે છે. ટૂંકમાં સાહસ-હિંમત એ સફળતા મળવાની ચાવી છે. હિંમત માનવીને કપરા સમયમાં અડીખમ રાખે છે. હિંમત એટલે મન-મગજનો કન્ટ્રોલ કેન્દ્રબિંદુ. માત્ર ડરની ગેરહાજરી નહીં પણ ડર હોવા છતાં આગળ વધવાની સમતા જે ધરાવે છે એને હિંમતવાન કહે છે. સ્વામી વિવેકાનંદજી એ પણ યુવાનોને પ્રેરક વાક્ય કહ્યું છે. ''ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડયા રહો. આ લક્ષ્યપૂર્તિ પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ એ હિંમત રાખવી જોઈએ જે વ્યક્તિ હિંમત રાખે છે તે હારેલી બાજી પણ જીતી જાય છે. હિંમતવાન વ્યક્તિ જીવનની ગમે તેવી પરિસ્થિતિ સામે ઝઝૂમી શકે છે અને છેવટે જીતી શકે છે. જીવનમાં સફળતા મેળવવા સાહસનો વિશ્વાસ સાથે કાર્યને પણ કરવા હિંમત મહત્વનો ભાગ ભજવે છે.''

હિંમત વિકસાવવી એ એક મજબૂત વૃક્ષ ઉગાડવા જેવું છે. મુશ્કેલીનો સામનો કરવો દુષ્કર છે. તે છતાં હિંમત રાખી પ્રયત્નો સતત જાળવી રાખવા જોઈએ. હિંમત રાખીશું તોજ સપનાંઓ પૂર્ણ કરી શકાશે. એ લક્ષ્ય રાખવું જોઈએ જયારે લક્ષ્ય આપણને ડરાવે તેની કલ્પનાથી પણ આપણે ભય ભીત થઈએ છીએ ત્યારે હિંમત એક એવી વિશેષ શક્તિ જેવી છે. જે અંદર રહીને બહાર પ્રભાવશાળી બને છે. હિંમતવાન બનવું એ એક એવી પ્રક્રિયા છે જેમાં સમય અને સાધનાની જરૂર પડે છે. કોઈ પણ કાર્યને અંતિમે પહોંચાડવા સતત પ્રેકટિસ એટલેકે અભ્યાસ જરૂરી છે. જેમ વિદ્યાર્થી જ્ઞાન મેળવે છે. તેનો અભ્યાસ કરે છે તૈયારીઓ કરે છે જેથી પરીક્ષામાં અવલ નંબર આવે.


અભ્યાસ કે મહાવરો સતત કરવાથી સ્પર્ધામાં ટકી રહેવાની પ્રેરક બને છે. યોગ્ય રીતે કરેલી સાધના વિષય વ્યક્તિના કૌશલ્યને રુચિને યોગ્ય દિશામાં ખીલવી શકે છે. રિયાઝ સતત કરવાથી સંકલ્પ શક્તિ મજબૂત બને છે. વધારે પડતી અપેક્ષા આખરે દુ:ખ આપે છે. તો હું નિષ્ફળ થઇશ તો? હું નહીં કરી શકું ઈત્યાદી કલ્પનાઓ નિરર્થક છે. જે આપણા લક્ષ્યનાં રસ્તાને ચાતરી દે છે. સતત હું નિષ્ફળ જઈશ, હું નહીં કરી શકું, આ મારા ગજા બહારનું છે. જેવા કુતર્ક આપણા મન મગજ પર હાવી થઇ જાય છે અને તેના પરનું સંતુલન ખોઈ બેસીએ છીએ અને આખરે નિષ્ફળ જઇએ છીએ. દ્રઢ સંકલ્પ સફળતા મળવાનું મજબૂત આધારસ્તંભ છે. સખત મહેનત, સતત શિસ્ત રાખવી અને જોમદાર હિંમત ધરાવી આ સફળતા મેળવવાના શક્તિ સાધનો છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની કેસ નં.૨૨૩ માટે જરૂરી ભંડોળ રૂા.૪.૧૫ લાખ સમયસર જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું




૫૯ વર્ષીય તેરા-કચ્છ હાલે ડોંબિવલીના શ્રીમતી જ્યોતિબેન રતિલાલ સાયલાને LVF સાથે એક્યુટ કોરોનરી સિન્ડ્રોમને કારણે તાત્કાલિક રીતે હોસ્પિટલાઈઝ કરવા પડ્યા છે. એન્જીયોગ્રાફી કરવામાં આવી ત્યારે નિદાન થયું કે તેમને ટ્રિપલ વેસલ ડિસીઝ છે. તેમને HT ડાયાબિટીઝ છે અને ૨૧ વર્ષ અગાઉ કોઈ ચેપને કારણે તેમની એક કિડની (નેફ્રેક્ટોમી) કાઢી નાખવામાં આવી હતી. તેઓને તબીબો દ્વારા CABG બાયપાસ સર્જરી જરૂરી હોવાની સલાહ અપાઈ.

બે પરિણીત પુત્રીઓના માતા પતિ સાથે રહે છે. તેઓ ગૃહિણી છે અને ડોંબિવલીમાં ભાડાના મકાનમાં રહે છે. પતિ ઘરે ઘરે ફિનાઈલ અને ઘરેલુ સફાઈના ઉત્પાદનો, સામાન વેચવાનો નાનો વ્યવસાય ચલાવે છે. કોઈ મેડિક્લેઈમનો આધાર નથી. સારવાર અને સર્જરી માટે અંદાજિત ખર્ચ રૂા.૪.૪૫ લાખનો અપાયો છે. દુવિધા પરિસ્થિતિમાંથી ઉગરવા માટે જરૂરી રકમ રૂા.૪.૧૫ માટે પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી રજૂ કરી. જેનો અભ્યાસ કરી ભંડોળ જમા કરવા કેસ નં.૨૨૩ની ઓળખ આપી ક્રાઉડ ફંડિંગ શરૂ કરાયું.

જણાવતા હર્ષ થાય છે કે આજ સુધીના ૨૨૨ સંજીવની કેસનો નિરાકરણ વ્યક્તિગત જ્ઞાતિ દાતાઓ, મહાજનો, ટ્રસ્ટો, મંડળો, એકમોની મદદથી નામ માત્ર સમયમાં ઉકેલ કરી શકાયો છે. તે તર્જથી સદર સંજીવની કેસ નં.૨૨૩નો ફંડ સમયસર જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું. સંજીવની રકમ દર્દી શ્રીમતી જ્યોતિબેન માટે સંજીવની અસર કરી સ્વાસ્થ્ય સ્વસ્થતા બક્ષશે. મદદરૂપ થનારા સર્વે દાતાઓ મદદકર્તાઓનો મેડિકલ સમિતિ સ્નેહભાવથી અનુમોદના કરે છે.

# શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન મુંબઈ પ્રસ્તુત એક નોખો એક અનોખો પ્રયોગ ત્રિદિવસીય રાઈટ મેચ ૨૦૨૬ લોનાવલા મધ્યે

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન મુંબઈની રાઈટ મેચ ટીમ પ્રસ્તુત એક નોખો એક અનોખો પ્રયોગ જેમાં કંટાળાજનક અને ઔપચારિક સ્ટેજ ઈન્ટ્રોડક્શન નથી. આ ઈવેન્ટ વાસ્તવિક સંબંધ બાંધવા ચિંતાયુક્ત તેમજ માતા પિતાના દબાણ વિનાના વાતાવરણમાં થશે. જ્યાં તમે તમારા જીવનસાથીને શોધવા સમાન વિચારધારા ધરાવતા પાત્રો સાથે અર્થપૂર્ણ વાતચીત કરી શકો છો. મનપસંદ જોડીદાર મળી રહે એવું વાતાવરણ મળશે જેની તમે આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

લોનાવાલા, તા.૩ એપ્રિલ સવારે ૮ વાગે ચેક ઈન અને તા.૪મી એપ્રિલે લંચ પછી ચેક આઉટ, રજીસ્ટ્રેશન ફી રૂ.૨૦૦૦ નોન રિફંડેબલ-નોન ટ્રાન્સફરેબલ. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૨ માર્ચ ૨૦૨૬. ફોર્મની લિંક https://forms.gle/HZG41VP5bivhnJpWA બેઠકો મર્યાદિત સંખ્યામાં હોવાથી ત્વરા કરશો. આ સુવર્ણ તક ચૂકશો નહીં. કંઈ પ્રશ્ન મનમાં હોય તો તેના નિરાકરણ માટે રાઈટ મેચ ટીમ મદદ કરવા તત્પર છે. સંપર્ક કરો અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા-૯૮૩૩૦૭૨૮૭૯, ધારિણી શાહ-૯૦૨૯૦૩૯૨૦૧, ભાવેશ મોતા-૮૭૭૯૪૩૮૯૦૬, નિતેશ ગોસર-૯૭૦૨૧૮૮૪૧૩

# તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલય મધ્યે છ ગાઉ ભાવ યાત્રાનું આયોજન





દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જિનાલયે રવિવાર તા.૧ માર્ચ ફાગણ સુદ ૧૩ના દિને સવારના ૯.૪૫ કલાકે સિધ્ધાચલ છ ગાઉ ભાવ યાત્રાનું ધર્મ આયોજન રાખવામાં આવેલ. શ્રીમતી પુષ્પાબેન હંસરાજ નાગડા સરલ ભાવથી ભાવપૂર્વક અન્ય બહેનોની સંગાથે ભાવયાત્રા કરાવેલ. સંઘના બહોળી સંખ્યામાં પધારેલ શ્રાવક ભાઈઓ અને શ્રાવિકા બહેનોએ શ્રધ્ધાપૂર્વક જાણે પ્રત્યક્ષ ગિરીરાજ મહાતીર્થની ભાવયાત્રા કરી એવા ભાવ સાથે ધન્ય થઈ ધર્મ લાભ લીધો હતો. છેલ્લે પાલની વ્યવસ્થા પણ રાખવામાં આવેલ હતી. જેના લાભાર્થી બહેનો શ્રીમતી પુષ્પાબેન નાગડા, શ્રીમતી મીતાબેન નાગડા, શ્રીમતી મીનલબેન નાગડા, શ્રીમતી ભાવીનીબેન મોમાયા, શ્રીમતી સ્નેહાબેન મોમાયા અને શ્રીમતી શીતલબેન મોમાયા અને અન્ય બહેનો રહી હતી. ભાવયાત્રાની સુચારુ વ્યવસ્થાનું આયોજન તિરૂપુર સંઘના ટ્રસ્ટીઓ કરેલ હતી.



# શ્રી વિમલનાથ ભક્તિ ગ્રુપ વડોદરાના દ્વારા ત્રિદિવસીય રાજસ્થાન યાત્રા









કે.ડી.ઓ.વડોદરા શ્રી વિમલનાથ ભક્તિ ગ્રુપ આયોજિત ત્રિદિવસીય રાજસ્થાન યાત્રામાં ૩૪ યાત્રિક સાથે તા.૨૧ ફેબ્રુઆરી રાતના ૧૦ વાગે કે.ડી.ઓ. ભવનથી પ્રયાણ કરી ૨૨ ફેબ્રુઆરી સવારના ૬ વાગે દંતાણી તીર્થ પહોંચ્યા.

દંતાણીમાં સવારના નવકારસી બાદ શ્રી સીમંધર સ્વામીની પૂજા તથા સ્નાત્ર પૂજા ભણાવી. દંતાણીમાં સવારના પ.પૂ. ગણીવર શ્રી કમલપ્રભ સાગર મ.સા. આદિ ઠાણા ૩ તથા પ.પૂ.સાધ્વી નિતિગુણાશ્રીજી મ.સા.આદિ ઠાણા ૩ પધાર્યા તેમનું ઢોલ શહેનાઇથી વડોદરા સંઘે સામૈયુ કર્યું. સાહેબની વાણીનો લાભ લીધો. સાહેબે શ્રી સિંમધર સ્વામીની ભાવ યાત્રા કરાવી.

સંઘમાં પાંચ વરસી તપના તપસ્વી હતા દંતાણીના મેનેજર ભરતભાઈ દંડ. તપસ્વીના પારણાની તથા સંઘને રહેવા જમવાની બહુ સારી સગવડ કરી આપી હતી. સકળ સંઘે તેમનો આભાર વ્યક્ત કર્યો.

દંતાણીથી બપોરના જમી પૂજાના કપડામાં પ્રયાણ કરી સિરોડીશ્રી ગોડી પાર્શ્વનાથ દાદાની પૂજા કેવલબાગમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની પૂજા  સાંજ પાવાપુરીમાં ચૌવિહારનો લાભ શ્રીમતી વંદનાબેન મંગલચંદ કુરવા વડોદરા. રાતના ભાવના, રાત્રિ રોકાણ.

તા.૨૩ ફેબ્રુઆરી સવારના પાવાપુરીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા તથા જલ મંદિરમાં શ્રી મહાવીર સ્વામીની વાસક્ષેપ પૂજા. સવારની નવકારશીનો લાભ શ્રીમતી ભાવનાબેન કિશોરભાઈ લોડાયા આણંદ એ લીધો.

મીરપુરામાં શ્રી ૧૦૮ હમીરપુરા પાર્શ્વનાથ દાદાની પૂજા જહાજ મંદિરમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની પૂજા બપોરના જમણનો લાભ સંઘમાતા નિર્મળાબેન કુંવરજી લાલકા પરિવાર વડોદરા એ લીધો.

નાદિયા જીવિત મહાવીર સ્વામીના દર્શન લોટાણા આદિનાથ દાદાના દર્શન બામણવાડા મહાવીર સ્વામીના દર્શન સાંજના ચૌવિહારનો લાભ માતુશ્રી બાયાબાઈ ધનજી નાગડા અને શ્રીમતી લતાબેન નરેન્દ્ર નરશી ગોસર વડોદરા લીધો.

નાણા શ્રી જીવિત મહાવીર સ્વામીના દર્શન નાના બેડા રાત્રિ રોકાણ.

# શ્રી વિમલનાથ ભક્તિ ગ્રુપ વડોદરાના દ્વારા ત્રિદિવસીય રાજસ્થાન યાત્રા









તા. ૨૪ ફેબ્રુઆરી બેડામાં શ્રી દાદા પાર્શ્વનાથ ભગવાનની વાસક્ષેપ પૂજા પક્ષાલ કેશર પૂજા આરતી મંગલ દિવાનો સંપૂર્ણ લાભ લીધો. નવકારશી વાપરી ૧૦ વાગે પ્રયાણ કરી ૧ વાગે માઉન્ટઆબુ દેલવાડા બપોરના ભોજન બાદ પાંચ દેરાસરમાં પૂજન, સાંજના આબુ રોડ તળેટીમાં માનપુરામાં આદિનાથના દર્શન. સાંજના ચૌવિહાર.

તા. ૨૪ ફેબ્રુઆરીના નવકારસી બપોરનું જમણ સાંજના ચૌવિહાર સંપૂર્ણ દિવસના દાતા

૧. માતુશ્રી દેવકુંવારબેન નીતીનભાઈ મોમાયા, ૨. માતુશ્રી ગુણવંતીબેન ગુલાબચંદ ડાઘા એ લીધો. સંપૂર્ણ યાત્રાનું સુંદર આયોજન કરવામાં માટે યાત્રિકો દ્વારા શરદભાઈ કારાણીનું બહુમાન કરવામાં આવ્યું. ૭ કલાકે પ્રયાણ કરી રાતના ૧ વાગે વડોદરા પહોંચ્યા. દરેક યાત્રિકોના સાથ સહકારથી સંપૂર્ણ યાત્રા બહુ સરસ થઇ.

# પારોલા તીર્થે ફાગણ સુદ તેરસના સિધ્ધાચલ છ ગાઉની યાત્રા થઈ

રવિવાર તા.૧ માર્ચના રોજ ફાગણ સુદ ૧૩ના પાવન દિને પારોલા તીર્થે ફાગણ સુદ ૧૩ તિથિ દિને સિધ્ધાચલ છ ગાઉની ભાવયાત્રાનું આયોજન કરાયું. સંઘના શ્રાવક શ્રાવિકાઓ શ્રધ્ધા ભક્તિ સાથે ભાવયાત્રામાં જોડાઈ ધર્મ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

જૈન ધર્મના ફાગણ તેરસ દિને તીર્થરાજ શત્રુંજયની યાત્રા કરવાનો મહિમા છે. આ દિવસે શ્રધ્ધાળુ શ્રાવકો ગિરિરાજની સ્પર્શના કરવા તલ પાપડ રહે છે. શત્રુંજયની છ ગાઉની વિશિષ્ટ પ્રદક્ષિણા કરવી એ મહાપુણ્યકારી યાત્રા છે. દેશ દેશાવર રહેતા શ્રધ્ધાળુ શ્રાવક-શ્રાવિકો ઈચ્છા હોવા છતાં તીર્થરાજની વંદના કરવા ન પહોંચી શકતા. આ દિવસે શત્રુંજય તીર્થરાજના વિશાળ પટ સમક્ષ જય તળેટી, રામ પોળ, સોખરી ટેકરી, ઉલખા જળ, દેવકીષ્ટનંદન, અજિત શાંતિનાથની દેરી, ચંદન તલાવડી, ભાંડવો ડુંગર, સિધ્ધવડ ઈત્યાદી ધર્મ શ્રધ્ધાના તીર્થ સ્થળો મનથી કલ્પી ભાવ સાથે પ્રત્યક્ષ ત્યાં પહોંચયાના ભાવ સાથે પૂજન ધર્મ આરાધના કરી ધન્યતા અનુભવે છે.

# કિપ્સન ટ્રાવેલ સોલ્યુશન્સને બેસ્ટ એમર્જીંગ MICE મેનેજમેન્ટ કંપની ઈન ઈન્ડિયાનો એવોર્ડ મળ્યો

વારાપધ્ધર-મુલુંડના સંકેત કિરીટકુમાર ભવાનજી શાહ લોડાયાની ફર્મ Kipson Travel Solution LLP ને ટ્રાવ ટૂર MICE ગાઈડ આયોજિત ૧૨મા એન્યુલ ઈન્ડિયા MICE ૨૦૨૬ એવોર્ડ ઉદયપુરના મહારાણી સાહિબા નિવૃત્તિ કુમારીજી મેવાડના હસ્તે એનાયત થયો.

આ સન્માન કિપ્સનને કોર્પોરેટ કલ્યાન્ટ માટે MICE (Meetings, Incentives, Conferences & Exhibitions) ક્ષેત્રે દેશ-વિદેશમાં ગુણતા સભર સેવાઓ તેમજ છેલ્લાં કેટલાક વર્ષોમાં તેમાં થયેલી ઝડપી વૃધ્ધિની માન્યતા પ્રદાન કરતાં અપાયો. સંકેત લોડાયા, કિપ્સન ટ્રાવેલ સોલ્યુશન્સ LLP ના સ્થાપક અને અનુભવી ક્યુરેટર છે. આ સન્માન ગૌરવ મેળવવા બદલ હાર્દિક અભિનંદન.



# હુબલી મહાજનને આંગણે સિધ્ધાચલ ભાવયાત્રાનું આયોજન થયું





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન હુબલી આયોજિત મહાજનના પાવન આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પુનિતકારી નિશ્રામાં સિધ્ધાચલની છ ગાઉ ભાવયાત્રા યોજાઈ. આ પ્રસંગે થયેલ ધર્મ આરાધનાનો લાભ સંઘના બહુ સંખ્ય શ્રાવક શ્રાવિકોએ ધન્યતા સાથે લીધો હતો.








# ૯ વર્ષીય સમ્રાટ રેણુ હર્ષ છેડા A Multifaceted Wonder Boy




નલિયા હાલે થાણાના વીણા વિજય છેડાના પૌત્ર, રેણુ હર્ષ છેડાના ૯ વર્ષીય પુત્ર સમ્રાટ હર્ષ છેડા ચિલ્ડ્રન્સ એકેડેમી થાણામાં ૩જા ધોરણ અભ્યાસ કરતાં પોતાની કલ્પના, સર્જનાત્મક શક્તિ અને અનોખી પ્રતિભાના બળે નવા નવા મુકામ એકે કર્યા છે. ૧૪૭ પાનાનું પુસ્તક The Secret Door In My Bedroom નામથી લખ્યું છે. તે ૧૮ પ્રકારના રૂબિક્સ ક્યુબ્સ અને આંખો બંધ કરીને ૨×૨ ક્યુબ્સ ઉકેલી શકે છે.

તે ઉપરાંત યુનાઈટેડ નેશન્સ દ્વારા અપનાવવામાં આવેલ SDG પર આધારિત વિવિધ સ્પર્ધાઓ અવલ નંબરથી જીતી. જેમાં આઠ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમાંક મેળ્યો. જે હતી National start up day, Lantern Making competition, Twist a tale competition, Green Bag competition, Samanta Sandesh competition, Guardian of wellness competition, Global Goals Quiz Competition, Chase and Capture Competition તથા Doodle for Peace Competition, Water Tales Bookmark Competition સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું. તેણે સતત બીજા વર્ષે વર્ષના શ્રેષ્ઠ વિદ્યાર્થી-Best Students of the year નો ખિતાબ પણ મેળવ્યો.

બહુ પ્રતિભાશાળી બાળકે મેળવેલી સિધ્ધિ ગૌરવપ્રદ છે. તે સતત અવિરત પ્રગતિ જાળવી રાખી અનેક સર્વોચ્ચ શિખરો સર કરે એવી શુભકામના આપીએ.

# શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી દ્વારા માનસ મંદિર શાહપુરની ૬ ગાઉ યાત્રા યોજાઈ



શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી દ્વારા સંવત ૨૦૮૨, રવિવાર, તા.૦૧ માર્ચ ફાગણી તેરસના દિવસે શાહપુર માનસ મંદિર ખાતે છ ગાઉ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં કુલ ૧૬૩ ભાવિકો ભાવ ભક્તિપૂર્વક જોડાયા હતા.

વહેલી સવારના ૦૬:૦૩ કલાકે ડોંબિવલી (પૂર્વ) કાર્યાલયેથી ૧ તથા સમ્રાટ હોટલ (પશ્ચિમ) થી ૨ બસ પ્રભુ શ્રી આદિનાથ દાદાની જયજયકાર સાથે ત્રણ બસો દ્વારા યાત્રા માટે શુભ પ્રસ્થાન કર્યુ હતું. આ યાત્રા માટે બસોના લાભાર્થી (૧) એક સાધર્મિક પરિવાર (૨) માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા પરિવાર (દલતુંગી-મુલુંડ) (૩) શ્રી રાયચંદ દેવશી જીવાણી (જખૌ-ડોંબિવલી) હતા. યાત્રિકો આનંદ અને ઉત્સાહભેર નવકાર મંત્ર, પ્રથમ સ્મરણ, કેવલનાણી, ભક્તામર સ્તોત્ર અને અન્ય સ્તવનોના પઠન કરતા કરતા યાત્રાને ભક્તિમય બનાવી રહ્યા હતા.

જેમ જેમ બસ માનસ મંદિર શાહપુર તરફ આગળ વધતી ગઈ, તેમ તેમ શ્રી આદિનાથ દાદાના દર્શન અને ચૈત્ય વંદન કરવા ભક્તોની ભાવનામાં વધુ વધારો થયો હતો. મંદિર પરિસરમાં પ્રવેશતાંજ પવિત્ર શેત્રુંજય ગિરિરાજ જેવો અદભૂત, અલૌકિક, દિવ્ય અને દેવ વિમાન તુલ્ય જિનાલય અને ભવ્ય માહોલ જોઈને ભાવિકો ભાવવિભોર થઇ ગયા હતા.

આ યાત્રાના અંતર્ગત કુલ પાંચ ચૈત્યવંદન કરવાના હોય છે.

૧) જય તળેટી યાત્રા શરૂ કરતા પહેલુ ચૈત્યવંદન અહીં કરવામાં આવ્યું હતું.

૨) પ્રભુ શાંતિનાથ દેરાસર મધ્યમાં વિવિધ દર્શન કર્યા બાદ બીજું ચૈત્યવંદન અહીં કરાયું હતું.

૩) શ્રી રાયણવૃક્ષ ત્રીજુ ચૈત્યવંદન શ્રી રાયણવૃક્ષ નીચે કરવામાં આવ્યું હતું.

૪) શ્રી પુંડરિક સ્વામી દેરાસર ચોથું ચૈત્યવંદન કરીને પ્રભુ સમક્ષ આરાધના કરવામાં આવી હતી.

૫) પ્રભુ આદિનાથ દેરાસર આખા મંદિરમાં વિશાળ રંગ મંડપ ધરાવતા આ પવિત્ર દેરાસરે અંતિમ અને પાંચમું ચૈત્યવંદન કરવામાં આવ્યુ હતું. આ જિનાલયની પ્રતિમા ''કેશયુક્ત'' છે જે અન્યત્ર ભાગ્યે જ જોવા મળે છે.

જિનાલયના પરિસરમાં અન્ય પવિત્ર સ્થળોના પણ દર્શન વંદન કરવામાં આવ્યા હતા જેમાં શ્રી કેસરિયા આદિનાથ દેરાસર. શ્રી ક્ષેત્રપાળ દાદાના પવિત્ર સ્થાને દર્શન અને વંદન. ચિલ્લણ તલાવડી ખાતે કાઉસગ પાળવામાં આવ્યું હતું. પાટણથી લાવેલા ૧૦૮ પાર્શ્વનાથમાંના શ્રી ઘીયા પાર્શ્વનાથ દાદાના દર્શન તથા અન્ય મંદિરો અને ગુરૂ મંદિરોના દર્શન વંદનનો સમાવેશ થાય છે.

યાત્રિકો માટે વિવિધ ભોજન સામગ્રીના પાલ ગોઠવવામાં આવ્યા હતા. જેમાં ચા-પાણી, શરબત, જ્યુસ, ફળ, ડ્રાયફ્રુટ તથા ગરમા ગરમ તાજા ભોજનની સરસ વ્યવસ્થા રાખવામાં આવી હતી. પાલવાળાઓની ભક્તિભાવ અને સેવા પરમ અદ્વિતિય રહી હતી. દર્શન વંદન અને પાલમાં લાભ લઈ બપોરના ૧૧:૫૨ મિનિટે બસો દ્વારા ડોંબિવલી તરફ શુભ પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

પધારેલા યાત્રિકોને ચિ. મોક્ષ કલ્પેશ ટિકમચંદ દંડ (લાલા) અને કુ. કરિશ્મા ચેતન લહેરચંદ નાગડા (નલિયા) તરફથી દરેક યાત્રિકને રૂ. ૧૦/- નું સંઘપૂજન કરવામાં આવ્યુ હતું.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી તરફથી મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મેઘજી મોતા (વારાપધર) દ્વારા પ્રાસંગિક પ્રવચન,ભાવ યાત્રાની ભાવનાત્મક રૂપરેખા, યાત્રાની ત્રણ બસના લાભાર્થી, સંઘ પૂજનના લાભાર્થીઓ સહ યાત્રિકોની અનુમોદન કરી અભિવંદના કરવામાં આવી હતી.

યાત્રિકોએ યાત્રાની વ્યવસ્થાને સહકાર આપવા માટે યાત્રિક દીઠ રૂ. ૧૦૦ /- નોંધાવ્યા હતા, જે યાત્રા પૂર્ણ થતાં જ તેમને પરત આપવામાં આવ્યા હતા.

આ સમગ્ર યાત્રાને મંડળના કાર્યકરોની મહેનત અને સક્રિય તાલમેલથી એક શિસ્તબદ્ધ અને સુખદ ભાવયાત્રા બનાવવામાં આવી હતી.

આ પ્રકારની યાત્રાઓ ધાર્મિક એકતા અને ભક્તિભાવ વધારવાની સંસ્કૃતિને પોષે છે જેનાથી ભાવિ પેઢીઓને પણ આ પરંપરા જાળવી રાખવા પ્રેરણા મળે છે.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી ધાર્મિક સમિતિ ચેરપર્સન અ.સૌ. જીજ્ઞાબેન વિજય છેડા (સુજાપર) - ૯૩૨૨૧ ૦૮૭૬૮, અ.સૌ. પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા (સાંયરા)- ૯૯૬૭૫ ૪૬૦૨૬

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ-પાલીતાણા-ગિરનાર યાત્રા પ્રવાસ |
| ૧૩/૧૪ માર્ચ ૨૦૨૬ | પરબ આયોજિત અનાજ, મસાલા, ખાદ્ય તથા ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓના સ્ટોલ પરમ કેશવ બાગ, ઘાટકોપર વેસ્ટ, સવારે ૧૦ થી સાંજે ૭. સ્ટોલ બુકિંગ. ૯૮૨૦૫૬૬૩૦૬, ૯૩૨૦૦૬૫૮૨૫ |
| ૧૯ માર્ચ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત મુંબઈમાં શ્રી ભલારા દાદાની ૩૬ મી સમુહ પહેડી સાંજે ૪.૦૦ ક. થી ડેફોડીલ્સ કેમ્પસ, નીલમ નગર-૨, મુલુંડ ઈસ્ટ. લાભાર્થીઃ શ્રી ભલારા ભાવિક પુનમ પરીવાર |
| ૨૦ માર્ચ ૨૦૨૬ | શ્રી ધણી બાવાની પ્રથમ સમુહ પહેડી કાલિદાસ મેરેજ હોલ, મુલુંડ. ૯૮૨૦૧૬૭૭૮૮, ૯૮૨૦૧૫૩૯૪૫ |
| ૨૧-૨૨ માર્ચ ૨૦૨૬ | શ્રી નલિયા જિનાલયે શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેક |
| ૨૨-૨૩ માર્ચ ૨૦૨૬ | શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ, વરાડીયા સંચાલિત શ્રી ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિર ધ્વજારોહણ મહોત્સવ |
| ૨૭-૨૯ માર્ચ ૨૦૨૬ | શ્રી તેરા-શ્રી ભલારા દાદા સ્થાનક ભુવાજી ચયન વિધિ. |
| ૨૯ માર્ચ ૨૦૨૬ | ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓ માટે કેરીયર પ્લાનીંગ ગાઇડંસ સેમિનાર સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૦૦ ક. (બાદ ભોજન સુવિધા) વી.એલ.વી.જી., ઘાટકોપર, મુંબઈ. રજી. જરૂરી - ૯૯૬૭૯૧૪૫૬૭ |
| ૩૧ માર્ચ ૨૦૨૬ | નલિયામાં મોતા ફરિયાદો બિરાજમાન ઘરમશી કુળદેવી શ્રી અંબે માતાજીના ભોઇ માની તથા શ્રી ખેતરપાળ દાદાના ભુવા શ્રીના બાના (ગંધી) બદલી વિધાન તથા પહેડી. ૯૯૩૦૦૩૯૮૮૮/ ૯૭૬૫૭૧૬૧૫૧ |
| ૩૧ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત લાલપુરમાં ચૈત્રી પુનમ મહોત્સવ |

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**


Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**


Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લક્ષ્મીચંદ પોલડીયા**
તા.૧ માર્ચ
બાયઠ-પુસદ




**જયાબાઈ નાગડા**
તા.૧ માર્ચ (ઉ.૮૧)
વારાપધ્ધર-મુલુંડ



**મણીબેન ખોના**
તા.૨ માર્ચ (ઉ.૯૯)
રંગપુર-મુલુંડ





**દીપકભાઈ મોમાયા**
તા.૪ માર્ચ (ઉ.૬૪)
ડુમરા-મુલુંડ



**ધનબાઈ ભેદા**
તા.૬ માર્ચ (ઉ.૮૭)
વારાપધ્ધર-મુલુંડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકાના કનકપર ગામે ગૌ સેવા સમિતિ અને કાર્બેટ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગૌચર વિકાસનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. પશુધન માટે ઘાસ ચારામાં સ્વાવલંબન સાધવા માટે વર્ષ ૨૦૧૮ થી કોર્બેટ ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી ગૌચર વિકાસના કામગીરી હાથ ધરાઈ હતી. કુલ્લ ૨૦૦ એકર જમીન આ માટે નીમ કરવામાં આવી છે. કુદરતી ઘાસ જેવા કે દામણ, ઝીંઝવો, કરડ અને સણિયાર વરસાદ આધારિત ઉગાડવામાં આવે છે. પાંચથી છ ફૂટ જેટલી ઊંચાઈના પોષક ઘાસ તૈયાર થાય છે. સુરક્ષા માટે પ્લોટમાં ફરતે છ ફૂટ ઊંચી પાકી જાળીવાળી ફેન્સિંગ પણ કરવામાં આવી છે. ઉનાળા સમયમાં જ્યારે ઘાસચારાની અછત હોય ત્યારે ગામની ગાયોને ખોરાક માટે મુશ્કેલી ન પડે તે માટે આ ઘાસની કાપણી કરી તેનો જથ્થો પાકા ગોડાઉનમાં કરવામાં આવે છે. જરૂરિયાત મુજબ ગાયોને ચરિયાણ માટે છૂટ આપવામાં આવે છે. આમ આખુંય ગામ સમૂહમાં જોડાઈને ગાયો માટે આત્મનિર્ભર બની ગયું છે. ઘાસની કાપણી આધુનિક મશીનનો ઉપયોગ કરી નાની પુડીઓ-બેલ્સ બનાવાય છે.

● ગુજરાતના ગ્રોથ એન્જિનમાં નોંધપાત્ર યોગદાન આપનારા કચ્છના વિકાસ માટે ભવિષ્યનું આયોજન કરવા દરિયાઈ વિસ્તારને ચીરીને કંડલાથી માળિયા વચ્ચે છ માર્ગીય રસ્તા નિર્માણ અંદાજે છ કરોડના ખર્ચે કરવા હાલચાલ શરૂ કરાઈ છે. તેને સંપૂર્ણ થતાં ત્રણ-ચાર વર્ષ લાગશે. વિગતવાર ફિઝિબિલિટી અહેવાલ કંડલા પોર્ટ પ્રશાસન સમક્ષ રજૂ કરાયો છે. એક અંદાજ મુજબ આખા દેશનો ૩૦ ટકા જેટલો કાર્ગો કચ્છના બંદરો ઉપર હેન્ડલ થાય છે. પ્રસ્તાવિત આ માર્ગની બાજુમાં રેલવે લાઈનની સમાંતર જોગવાઈ રાખવામાં આવી છે. ૬૦ કિલોમીટરના માર્ગ ઉપર પાંચ સ્થળે ક્રીક વિસ્તારમાં પાણીનો પ્રવાહ આવતો હોવાથી બ્રિડ, કન્વર્ટર બનાવવાનું આયોજન છે. આ પ્રકલ્પ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવે એવું અહેવાલમાં દર્શાવાયું છે.

● પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય ભુજને ભારતીય પશુ ચિકિત્સા પરિષદ નવી દિલ્હીથી સતાવાર માન્યતા પ્રાપ્ત થઈ જતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી ભુજ સ્થિત કોલેજમાં બી.વી.એસ.સી.એન્ડ એ.એચ.નો સાડા પાંચ વર્ષનો અભ્યાસક્રમ માટે ૮૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. હાલ ગુજરાત રાજ્યમાં આણંદ, દાંતીવાડા, જૂનાગઢ, નવસારી અને હિંમતનગર ખાતે કુલ્લ પાંચ વેટરનરી કોલેજો કાર્યરત છે. ભુજ ખાતે આ માન્યતા પ્રાપ્ત થવાથી રાજ્યની છઠ્ઠી વેટરનરી કોલેજ તરીકે સમાવેશ થશે. જે કચ્છ જિલ્લાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણની નવી તકો સર્જશે.

● ગાંધીધામના બાળરોગ અને નવજાત શિશુ તજજ્ઞ ડૉ. નવીન ઠક્કરને બાળરોગ અને નિઓનેટોલોજીમાં વર્ષો સુધી આપેલા યોગદાન બદલ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે નીઓકોન પરિષદમાં સન્માનિત કરાયા હતા. સાથે ડૉ. ઠક્કરની પ્રોફાઈલ વિશ્વ વિખ્યાત ધ લાન્સેટ મેડિકલ જર્નલમાં પ્રકાશિત થઈ હતી. જે કચ્છ માટે ગૌરવની વાત હતી.

● માંડવી તાલુકાના કોડાય ગામે સ્વામિનારાયણ ગુરૂકુળ સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આઈટીના કચ્છની પ્રથમ અને એકમાત્ર ડ્રોન લેબ માટે પસંદગી થઈ છે. ભારતમાં પસંદ થયેલા ૩૧માંથી કચ્છના આ એક માત્ર કેન્દ્ર દ્વારા સરકાર અને સંસ્થાઓના સંયુક્ત સહકારથી ગ્રામીણ યુવાનોને સંપૂર્ણ નિઃશુલ્ક તાલીમ અપાશે. છ મહિનાનો આ કોર્સ રહેવા, જમવા, ગણવેશ અને અભ્યાસ સામગ્રી વિનામૂલ્ય પૂરી પાડતા કોર્સ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

**STAMP FRANKING**
Now Available

- HOME LOAN
- CAR LOAN
- eAUTO LOAN
- 2 WHEELER LOAN
- GOLD LOAN
- SOLAR LOAN
- TRADE LOAN
- LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank